## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ગાંધીનગરમાં કલાકારો રાષ્ટ્રપતિ ભવનમાં ગરબા કરશે... અને, ગાંધીનગરના પ્રધાનો પી.એમ. હાઉસમાં કરશે...???

# ડભોડા ત્રણ રસ્તા પાસેથી દારૂ ભરેલી એસેન્ટ પકડાઈ

### રૂ. ૩.૭૭ લાખનો મુદ્દામાલ જપ્ત : કાર મુકીને બુટલેગર અંધારાનો લાભ લઈ ફરાર

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર નજીક ડભોડા ત્રણ રસ્તા પાસે મોડી રાત્રે ડભોડા પોલીસની ટીમ એક ચોકકસ બાતમીને આધારે દારૂ-બિયર ભરેલી એસેન્ટ ગાડીની વોચમાં ગોઠવાઈ ગઈ હતી. જેને આધારે રાત્રે પોણા બારે બાતમીવાળી નીકળેલી ગાડીનો પીછો કરીને રૂ. ૭૭,૬૦૦ની કિંમતનો દારૂ-બિયર ભરેલી એસેન્ટ ગાડી પકડી પાડી હતી તો બીજી તરફ બુટેલગર અંધારાનો લાભ લઈને ફરાર થઈ ગયો હતો. ડભોડા પોલીસે ગુનો દાખલ કરીને રૂ. ૩.૭૭ લાખનો મુદ્દામાલ કબ્જે લઈ ગાડીના નંબરને આધારે બુટલેગર સુધી પહોંચવા તજવીજ શરુ કરી છે.



ડભોડા પોલીસ મથકના પીએસઆઈ પી.જે. સોલંકી તથા તેમની ટીમના ગજેન્દ્રસિંહ સહિતના માણસો બાતમીને આધારે દારૂ-બિયર ભરીને હેરાફેરી કરતી એસેન્ટ ગાડીની વોચમાં ડભોડા ત્રણ રસ્તા પાસે ગોઠવાઈ ગયા હતાં રાત્રે પોણા બાર વાગે એસેન્ટ ગાડી નં. જીજે-૯-બી.એ. ૦૩૫૪ ત્યાંથી પસાર થતા ઉભી રાખવાનો પોલીસે ઈશારો કર્યો પરંતુ એસેન્ટ ચાલકે ગાડી ભગાડી મુકતા પોલીસની ટીમે પીછો કરી એસેન્ટને આંતરી હતી. જો કે બુટલેગર ત્યાં સુધીમાં એસેન્ટ ગાડી ઉભી કરી દઈને ગાડીને લોક મારી અંધારામાં ગાયબ થઈ ગયો હતો. પોલીસે ગાડીનો દરવાજો ખોલી અંદર તપાસ કરતાં ૧૬૭ નંગ વિદેશી દારૂની બોટલો તથા ૭૨ નંગ બિયરના ટીન મળી રૂ. ૭૭,૬૦૦નો દારૂ-બિયર મળી આવ્યો હતો. પોલીસે રૂ. ૩,૭૭,૬૦૦નો મુદ્દામાલ જપ્ત કરી બુટલેગર સુધી પહોંચવા દોડધામ શરુ કરી છે.




રાજ્યમાં મેલેરીયા, ડેન્ગ્યુ, સ્વાઈન ફ્લુ જેવા રોગોએ માથુ ઉંચક્યું છે. ત્યારે ગાંધીનગરના આરોગ્ય તંત્ર દ્વારા તાલુકાના ગામડામાં નિઃશુલ્ક આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. ચિલોડા નજીક આવેલા પ્રાંતિયા ખાતે સ્મૃતિ વિકાસ શાળા તેમજ મગોડી ગામમાં આવેલ આર્યુવેદિક દવાખાનામાં મેડીકલ ઓફિસર ડૉ. મીરા એમ. રાજ્યગુરૂએ શાળાના બાળકો, ગ્રામજનો, કર્મચારીઓને દવાઓ તેમજ આર્યુવેદિક ઉકાળો આપી સરાહનીય કામગીરી બજાવી હતી.

## ક્રીટીકલ કેર મેડીસીન અમદાવાદ દ્વારા વોકાથોન-૨૦૧૫નું આયોજન

ગાંધીનગર, તા. ૯

ઈન્ડીયન સોસાયટી ઓફ ક્રીટીકલ કેર મેડીસીન, અમદાવાદ વિભાગ અને મેડીકલ એસોસીએશન અમદાવાદના સંયુક્ત ઉપક્રમે જિંદગી બચાવવા સતત પ્રયત્નશીલ રહેતા ગંભીર રોગોના નિષ્ણાંત તબિબોની વાર્ષિક દિવસ નિમિત્તે વોકાથોન-૨૦૧૫નું આયોજન કરવામાં આવ્યું છે.

ક્રિટીકલ કેર મેડીસીન એ તબિબ વિજ્ઞાનની ખુબ જ ઝડપથી વિકસતી શાળા છે. કોઈપણ બિમારીની ગંભીર અવસ્થામાં તાત્કાલિક સારવારથી માંડીને આઈસીયુમાં જીવન મરણ વચ્ચે ઝોલા ખાતા દર્દીઓને શ્રેષ્ઠ સારવાર આપતા નિષ્ણાંત તબીબો ઈન્ટેસીવીસ્ટ તરીકે ઓળખાય છે. વેન્ટીલેટર જીવનરક્ષક સાધનો, કોઈપણ અંગના હંગામી બંધ થવાની પરિસ્થિતિમાં સૌથી અસરકારક ઉપચારો કરવામાં આવે છે. વાર્ષિક દિવસ નિમિત્તે યોજનાર કાર્યક્રમમાં અમદાવાદના મેયર મીનાક્ષીબેન પટેલ, મ્યુનિસિપલ કમિશનર ડી. થારા, ઔડા ચેરમેન અરવિંદભાઈ પટેલ બ્રિગેડીયા શ્રીધર સહિત ફાયર બ્રિગેડના ચીફ ઓફિસર દસ્તુર હાજર રહેશે. ક્રિટીકલ કેર સ્પેશ્યાલીસ્ટની જેમ સમાજને ઉપયોગી થનાર તમામ મહેમાનના બહુમાનથી અનેરો આનંદ થાય છે. આ પ્રસંગે મેડીકલ એસોસીએશનના પ્રમુખ ડો. બ્રિજેન ચોકસી, ભૂતપૂર્વ પ્રમુખ ડો. વચ્છ રાજાની હાજર રહી શોભા વધારી હતી.

## સેક્ટર-૨૨ જૈન દેરાસર પાસેથી બે સગા ભાઈઓ પીધેલી હાલતમાં ઝડપાયા

### ફાઈનાન્સનો ધંધો કરતા બંને ભાઈઓ સામે ગુનો દાખલ કરી ધરપકડ કરાઈ

ગાંધીનગર, તા. ૯

શહેરના સેક્ટર-૨૨ જૈન દેરાસર સામેના માર્ગ પર આઈ-૧૦ ગાડીમાં બે શખ્સો પીધેલી હાલતમાં હોવાનું સે. ૨૧ પોલીસના પેટ્રોલીંગ દરમ્યાન ધ્યાને આવતા બંને શખ્સોને બહાર કાઢી તપાસ્યા હતા. દારૂના નશામાં બંને ભાઈઓને પકડીને મેડીકલ માટે મોકલી બંનેની ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. પીધેલી હાલતમાં



પકડાયેલા બંને ભાઈઓ ફાયનાન્સના ધંધા સાથે સંકળાયેલા છે.

સેક્ટર-૨૧ પોલીસમથકના ડીસ્ટાફ પીએસઆઈ સી.બી. ચૌહાણ તથા તેમની ટીમ ગઈકાલે રાત્રે તેમના પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન સે. ૨૨ જૈન દેરાસર પાસે આઈ-૧૦ ગાડી શંકાસ્પદ દેખાતા તેમાં તપાસ કરી હતી. ગાડીમાં બેઠેલા બે સગા ભાઈઓ દારૂ પીધેલી હાલતમાં હોવાનું પોલીસના ધ્યાને આવ્યું હતું. સેક્ટર-૨૨ પ્લોટ નં. ૩૩૮/૨ ખાતે રહેતા અને ફાયનાન્સના ધંધા સાથે સંકળાયેલા બંને ભાઈઓ નિલાંગ હરીભાઈ અખાણી અને દેવાંગ હરીભાઈ અખાણી સામે પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુનો દાખલ કરીને સે. ૨૧ પોલીસે બંનેની ધરપકડ કરી લઈ મેડીકલ માટે લઈ ગયા હતા. બંને સામે કાયદેસરની કાર્યવાહી કરી દારૂ ક્યાંથી લાવ્યા હતા તેની પણ તપાસ શરૂ કરવામાં આવી છે.

## બ્રહ્માકુમારી દ્વારા અલૌકિક સ્નેહમિલનનો કાર્યક્રમ

પ્રજાપિતા બ્રહ્માકુમારી કૈલાશદીદી ૨૧ દિવસની વિદેશયાત્રા કરીને આવી રહ્યા છે. જેથી આગામી તા. ૧૧ ઓક્ટોબરના રોજ સાંજે ૭.૦૦ કલાકે પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય શિવ શક્તિભવન, સેક્ટર-૨૮ ખાતે અલૌકિક સ્નેહમિલન કાર્યક્રમનો આયોજન કરવામાં આવ્યું છે. વિદેશની ધરતી પર પરમાત્માના સત્ય ઈશ્વરીય જ્ઞાન અને સહજ રાજયોગ મેડીટેશનનો જનજનને પ્રભુ સંદેશ આપવાના શુભ લક્ષ્ય સાથે ઈશ્વરીય સેવાના અનુભવો અને સમાચાર આપવાના હેતુસર ખાસ બ્રહ્માકુમારી સંસ્થાના સદૈવ શુભેચ્છક અને સહયોગીઓ માટે કાર્યક્રમ કરેલ છે.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર મેડીકલ કોલેજમાં આજે લિફ્ટમાં વર્ગ-૪નો એક કર્મચારી ફસાઈ ગયો હતો. જોકે સિવિલ સંકુલ અને કોલેજની લિફ્ટોની સમસ્યા દૂર કરવાના પગલાં લેવામાં તંત્ર ઉણુ ઉતર્યું છે.

● ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ માઈનોરીટી ડીપાર્ટમેન્ટે દાદરીની ધૃણાસ્પદ ઘટના અંગે જિલ્લા કલેક્ટરને આવેદન-પત્ર આપી ઉ. પ્રદેશમાં રાષ્ટ્રપતિ શાસનની માંગણી કરી છે.

● ગાંધીનગર શહેર નજીકના ઉવારસદ ગામની પ્રાથમિક શાળાના બાળકોને આજે હાથ ધોવાના ફાયદા સમજાવી અને તેની ટેવ પાડવાના પાઠ ભણાવાશે.

● મધુર ડેરીની ચૂંટણીના પરિણામો જાહેર થતાં જ વર્તમાન ચેરમેન શ્રી રાણાના સમર્થકોએ તેમને ઘોડા પર બેસાડી ગરબા ગાઈ વધાવ્યા હતા.

● ગાંધીનગર મેડીકલ એસો.ના પ્રમુખ ડૉ. અનિલ ચૌહાણ તથા મહામંત્રી ડૉ. જયેશ સોલંકી દિલ્હી ખાતે ભારતના તમામ આઈએમએના હોદ્દેદારોની બેઠકમાં હાજરી આપવા રવાના થયા છે.

● જિલ્લામાં સ્વાઈન ફ્લુના ૧૦ જેટલા શંકાસ્પદ દર્દીઓના રિપોર્ટ નેગેટીવ આવ્યા છે.

## હવેલી મંદિરમાં વચનામૃત યોજાશે

ગાંધીનગર, તા.૯

સેક્ટર-૨૧ના હવેલી મંદિર ખાતે તા. ૧૦ અને ૧૧ ઓક્ટોબરના રોજ ગોપેશકુમારજી મહોદયની વ્યાસપીઠે વચનામૃતનો કાર્યક્રમ યોજાશે. સમસ્ત ભાવિક વૈષ્ણવોએ આ લૌકિક પ્રસંગે ઉપસ્થિત રહેવા પ્રમુખ રસીકભાઈ ગાંધીએ જણાવ્યું છે.

## પંડિત જવાહરલાલ નહેરુની ૧૨૫મી જન્મ જયંતિ નિમિત્તે કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૯

ભારતના પ્રથમ વડાપ્રધાનસ્વ. પંડિત જવાહરલાલ નહેરુની ૧૨૫મી જન્મજયંતિ ઉજવણી નિમિત્તે બપોરે ૧.૩૦ કલાકે કોંગ્રેસ કાર્યલય, સે-૨૨ ખાતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મહિલા પ્રમુખ માનનીય સોનલબેન પટેલ, શહેર પ્રમુખ ડૉ. કૌશિક શાહ, જિલ્લા પ્રમુખ સૂર્યસિંહ ડાભી, પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી અને પ્રવકતા નિશિત વ્યાસ, પ્રવકતા ડૉ. હિમાંશુ પટેલ તેમજ પ્રભારીઓ મનહરભાઈ પટેલ, માયાબેન દવે, અશ્વિનભાઈ પરમાર, રેખાબેન, જિલ્લા મહિલા પ્રમુખ, નિર્મળાબેન પંચાલ, પ્રદેશ મહિલા મહામંત્રી પ્રેમબા હાડા તથા પૂર્વ શહેર પ્રમુખો, ઝોન પ્રમુખો, કોંગ્રેસના આગેવાનો ઉપસ્થિત રહેશે. ગાંધીનગર શહેરની મહિલા હોદ્દેદારો અને કાર્યકર્તા બહેનોને મોટી સંખ્યામાં ખાસ ઉપસ્થિત રહેવા શહેર મહિલા કોંગ્રેસ પ્રમુખ શ્રીમતી ભાનુમતિ બેન રોહિતે અનુરોધ કર્યો છે.

### કચ્છી-ભરત કામનું નવરાત્રીના વસ્ત્રોમાં એક ચક્રી સાશન

# ખેલૈયાઓ ચણિયા-ચોળી અને કેડિયા માટે ૫૦ હજાર સુધીનો ખર્ચ કરતા અચકાતા નથી

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરની નવરાત્રી હવે રાજ્યભરમાં નહી પરંતુ દેશ-વિદેશ સુધી નામના મેળવી ચુકી છે. નગરના ખેલૈયાઓના ગરબાના સ્ટેપ્સ જ નહિ પરંતુ ટ્રેડીશનલ ડ્રેસીંગ પણ વૈશ્વિક સ્તરે આકર્ષણ બને છે. આ વર્ષે ખેલૈયાઓ ફ્લોરોસન રંગોની ઓછી ડીઝાઈનવાળી ચણિયાચોળી અને કચ્છી ભરત ભરેલા કેડિયાઓ પર વધુ પસંદગી ઉતારી રહ્યા છે. કચ્છી-ભરવાડી પેચવર્કમાં સૌથી વધુ 'લેસ' વર્ક કરાવી એક રાતના ડ્રેસ પાછળ રૂ. ૫ હજારથી રૂ. ૫૦ હજાર સુધીનો ખર્ચ કરતા અચકાતા નથી. ડ્રેસ ભાડે લેનારા પણ એક રાતના ડ્રેસીંગ માટે રૂ. ૫૦૦થી રૂ. ૩ હજાર સુધીનું ભાડુ હસતા હસતા ખર્ચી નાંખે છે.



ડીમાન્ડ જ છે. યુવકોમાં કચ્છી ભરત ભરેલા કેડિયા સૌથી વધુ ફેવરિટ છે જેના પર સીકલ વર્કની ડિમાન્ડ સૌથી વધારે કરાય છે. હાથેથી તથા મશીનથી પણ થતા આ વર્કમાં ફુમતા, ટીકા, આભલા ઉપરાંત લેસનું ચલણ સૌથી મહત્તમ થાય છે. આ વર્ષે લાંબી પછેડીનો ટ્રેન્ડ સૌથી વધુ ચાલ્યો છે જેને યુવાનો અલગ અલગ પાંચેક સ્ટાઈલથી બાંધે છે. આ ઉપરાંત પાઘડી, ફેંટા, બાજુબંધ અને ગળામાં પહેરવાના ભરત ભરેલા કાપડના ઓર્નામેન્ટસથી એક સંપૂર્ણ ડ્રેસ બને છે. મોટે ભાગે ઓછા વજન વાળા કેડિયા-ચણિયાચોળી ખેલૈયા પસંદ કરે છે પરંતુ કેટલાક ખેલૈયા જેઓ ખાસ સ્પર્ધાને ધ્યાનમાં રાખીને ગરબે ઘુમતા હોય છે તેઓ વજનદાર ૨૭ કિલો સુધીના વસ્ત્રો પહેરતા અચકાતા નથી જ.

નવલી નવરાત ઢૂકડી આવી પહોંચી છે, ખેલૈયાઓના તન-મન અત્યારથી જ થનગનવા લાગ્યાં છે. નવરાત્રી એ ગાંધીનગરનો સાચા અર્થમાં 'લોક ઉત્સવ' છે. જેમાં નગરના અબાલવૃદ્ધ સૌ કોઈ મસ્ત બનીને ઝુમી ઉઠે છે. ઢોલીડાના તાલે થનગનતા મન સાથે મા જગદંબાની ભક્તિમાં ગરબે ઘુમતા તન પર પરંપરાગત વસ્ત્રોના અવનવા રંગ ખેલૈયાઓનો ઉત્સાહ બમણો વધારે છે. શહેરના ખેલૈયાઓ અવનવી ડિઝાઈનના ચણિયા-ચોળી અને કેડિયા પહેરી માઝુમ રાતને ઝાકમઝોળ બનાવશે. આ વર્ષે યુવતીઓ વઢવાણી કાપડ પર માત્ર પ્લેન ચણિયાની બોર્ડર પર પહોળી ડિઝાઈન કરી હોય તેવા વસ્ત્રો વધુ પસંદ કરી રહી છે. યુવકો હેવી કોટનના કચ્છી ભરત ભરેલા કેડિયા પર તેમની પસંદગી ઉતારી રહ્યા છે. યુવક-યુવતીઓ બંનેમાં આ વર્ષે ફ્લોરોસન્ટ રંગો સૌથી વધુ ફેવરિટ બન્યાં છે. જેમાં પોપટી, રાણી, ગળી બ્લુ, ઓરેન્જ, જાંબલી, ફાલસા અને પીચ કલર ઈન ડીમાન્ડ છે. કેટલાક ખેલૈયાઓ માટે તો સફેદ રંગ હંમેશા એવરગ્રીન ચોઈસ બનેલો છે.

**એક રાતના ૩ હજાર સુધીના ભાડે ટ્રેડીશનલ વસ્ત્રોની ડિમાન્ડ : ફ્લોરોસન રંગોની ચણિયાચોળી હોટ ફેવરિટ : કેડિયા સાથે પછેડીની ડિઝાઈનમાં પણ અઢળક વેરાયટી**



ચણિયાચોળીમાં યુવતીઓમાં કચ્છીવર્ક અને ઉત્તર ગુજાતની દેશી ગામઠી પેચ વર્કવાળી ચણીયાચોળીની માંગ વધુ છે, યુવતિઓ જાડા વઢવાણી કોટન કાપડ પર લેસ અને ઊની ફૂમતાનું વર્ક કરાવે છે. તેમજ ચણિયાની ૩/૪ સાઈઝ પર વધુ પસંદગી ઢોળે છે. આ સાથે જર્સી મટિરિયલ્સના પરંપરાગત ડ્રેસિસ પણ એવરગ્રીન પસંદ બની રહ્યા છે. લહેરિયા, ભરવાડી અને દરબારી ઉપરાંત 'રામલીલા' પણ હજુ ઈન-

### લાંબી પછેડીને વિવિધ રીતે પહેરવાનો ક્રેઝ

આ વર્ષે યુવકોમાં લાંબી પછેડીનો ક્રેઝ સૌથી વધુ ચાલ્યો છે જે લગભગ ૩ થી ૩.૫ મીટર લાંબી હોય છે. આ પછેડીને બાંધવાની સ્ટાઈલમાં પણ ઘણી વિવિધતા જોવા મળે છે. ગાંધીનગરના ખેલૈયાઓ લગભગ પાંચથી સાત અલગ અલગ રીતે પછેડી બાંધે છે જે તેમના સમગ્ર લુકને ખૂબ મનમોહક બનાવે છે.

**- મનીષા ખત્રી, વૃંદા ટ્રેડીશન્લ, સે. ૧**

### ચણિયાચોળી પર યુવતિઓ જાતે વર્ક કરવાનું પસંદ કરે છે

યુવતીઓમાં હવે ચણિયાચોળીમાં બ્લેક રંગને ટાળવા લાગી છે તેના સ્થાને ચળકતા રંગો વધુ ચલણમાં છે. ગરબા રમતા વધુ થાક ન લાગે તે માટે હવે ઓછા વજનવાળા વસ્ત્રો વધુ પસંદગી પામી રહ્યા છે. મોટા ભાગની યુવતિઓ લઘુત્તમ વર્ક વાળી ચણિયાચોળી પસંદ કરે છે જેમાં ચણિયા તો મોટે ભાગે પ્લેન જ હોય છે. પરંતુ તેના પર જાતે વર્ક કરી આગવો ટચ આપે છે.

**- મેઘના ભટ્ટ, કાવ્યા ટ્રેડીશનલ ડ્રેસીસ, સે. ૬**



# આવતીકાલે જાણીતા સાહિત્યકાર જોસેફ મેકવાનની ૮૦મી જન્મજયંતિએ ગ્રંથ લોકાર્પણ

ગાંધીનગર, તા. ૯

મૂર્ધન્ય સાહિત્યકાર શ્રી જોસેફ મેકવાનની ૮૦મી જન્મ જયંતિ નિમિત્તે જોસેફ મેકવાન ફાઉન્ડેશન અને ડિવાઈન પબ્લિકેશન્સ, અમદાવાદના સંયુક્ત ઉપક્રે તેમના ૧૨ પુસ્તકોનો ગ્રંથલોકાર્પણ સમારોહ યોજાશે.

તા. ૧૧ ઓકટોબર, ૨૦૧૫ને રવિવારના રોજ શ્રી રા.વિ. પાઠક સભાગૃહ, ગુજરાતી સાહિત્ય પરિષદ, આશ્રમરોડ અમદાવાદ ખાતે સાંજે ૪.૦૦ કલાકે યોજાનારા આ સમારંભના અધ્યક્ષસ્થાને સાહિત્યકાર શ્રી રઘુવીર ચૌધરી અને અતિથિવિશેષ પદે ડૉ. પ્રદીપ પંડ્યા ઉપસ્થિત રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, શ્રી જોસેફ મેકવાન ગુજરાતી ભાષાના અને એમાં પણ દલિત સાહિત્યના સર્વશ્રેષ્ઠ સાહિત્યકાર માનવામાં આવે છે. તેમનો જન્મ ગુજરાતના સમૃદ્ધ ચરોતર પ્રદેશના ઓડ (હાલ જિલ્લો - આણંદ) પાસે આવેલ ત્રણોલ ગામના એક સામાન્ય કુટુંબમાં થયેલો. જન્મથી જ ગરીબી, અસહ્ય અડચણોનો સામનો કરીને ૧૯૬૭માં પ્રથમ વર્ગમાં બી.એ., ૧૯૬૯માં દ્વિતિય વર્ગમાં એમ.એ. અને ૧૯૭૧માં પ્રથમ વર્ગમાં બી.એડ. થયા. તેમણે લખેલ રેખાચિત્રો 'વ્યથાના વિતક' (૧૯૮૫) અને નવલકથા 'આંગળીયાત' (૧૯૮૮)ને ગુજરાત સાહિત્ય અકાદમીનું પ્રથમ પારીતોષિક પ્રાપ્ત થયેલ. આ ઉપરાંત તેમના અન્ય ઘણા લખાણોને વિવિધ પુરસ્કારો મળેલ છે. બળૂકી અને તળપદી ભાષાનો સચોટ પ્રયોગ, વિપુલ લેખન, સનસનાટીભરી ઘટનાઓ તેમના સાહિત્ય સર્જનન્માં જોવા મળે છે. તેમની ઘણી રચનાઓ કથારૂપે આત્મકથાનાત્મક છે. તેમણે ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કર્યુ છે.

સમારોહમાં ઉપસ્થિત રહેવા શ્રી અમૃત ચૌધરી ડિવાઈન પબ્લિકેશન્સ અને શ્રી ચંદ્રવદન મેકવાન : જોસેફ મેકવાન ફાઉન્ડેશન દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## જીવદયા પ્રેમીને આહવાન

ગાંધીનગર, તા.૯

શહેરના સેકટર-૫-સી (અંબાજી ચોક) પાસે એક અબોલ ગામના નાનકડા વાછરડાના ગળામાં દોરી બાંધી છે. આ દોરી અત્યારે હાલના સમયે ગળામાં ફીટ થઈ ગઈ છે. વાછરડું ગળાના ભાગમાંથી લોહી નીકળતા ત્રાસદાયક પીડા ભોગવે છે. સેકટર-૫-સીના જીવદયા પ્રેમીઓ દ્વારા આ દોરી કાઢી નાંખવા અનેકવાર પ્રયત્નો કર્યા છે પરંત વાછરડું પકડવા દેતું નથી અને છટકી જાયછે. નાનકડા અબોલ જીવને બચાવવા માટે નગરના કોઈ પ્રાણી પ્રેમીને સે-૫-સીના નાગરીક ગોરધનભાઈ પટેલે અનુરોધ કર્યો છે. અબોલ જીવને બચાવવા જનાર નાગરિકે પલોટ નં. ૯૬૮/૧, સેકટર-૫-સી તેમજ મો.નં. ૯૯૦૪૩ ૫૪૦૩૭ પર સંપર્ક કરવા જણાવાયું છે.

## આકાશમાં મંગળ-બુધ-ગુરુ-શુક્ર ગ્રહો અને ચંદ્ર યુતિનો અદ્ભૂત નજારો

### શનિગ્રહ રાત્રિના ૯ કલાક સુધી જોવા મળશે

ગાંધીનગર, તા. ૯

અવકાશમાં શોધાયેલા ગ્રહો અને વણશોધાયેલા ગ્રહો સૂર્યની આસપાસ નિરંતર સમયાંતરે પરિભ્રમણ કરે છે. ત્યારે અમુક દિવસો, વર્ષો, ચોક્કસ સમયે આકાશમાં અદ્ભૂત ખગોળીય ઘટના જોવા મળે છે. આજથી સોમવાર સુધી સ્વચ્છ આકાશમાં વહેલી પરોઢે ચંદ્ર-મંગળ-ગુરુ-શુક્ર અને બુધ ગ્રહોની યુતિનો અદ્ભૂત નજારો નિહાળવા ખગોળ રસિકો થનગની રહ્યા છે. મધ્યરાત્રિ બાદ, વહેલી પરોઢથી સૂર્યોદય પહેલા આકાશમાં કતારબંધ ગ્રહો નિયત સમયે જોવા મળશે. પરોઢે ચંદ્ર ૨ કલાકને ૪૯ મિનિટથી, બુધ ૫ કલાકને ૪૮ મિનિટથી, શુક્ર ૩ કલાકને ૨૯ મિનિટથી, મંગળ ૪ કલાકને ૦૭ મિનિટથી, ગુરુ ૪ કલાકને ૨૬ મિનિટથી અને શનિગ્રહ સંધ્યા સમયથી રાત્રીના ૯ કલાકને ૧૨ મિનિટ સુધી અદ્ભૂત ગ્રહોની યુતિનો નજારો જોવા મળશે.



મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલની આજે પૂજ્ય ભારતી બાપુએ હરિદ્વાર સ્થિત સંતશ્રીઓ સાથે ગાંધીનગરમાં સૌજન્ય મુલાકાત લીધી હતી. આ સંતશક્તિએ શ્રીમતી આનંદીબહેનને પ્રથમ મહિલા મુખ્યમંત્રી તરીકે રાજ્ય શાસનને ગતિશીલ નેતૃત્વ પુરું પાડવા અંગે શુભેચ્છા - આશીર્વાદ પાઠવ્યા હતા.